

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-26 ■ તા. 19-06-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# સદીઓ, યુગ બદલાય છે, પરંતુ આસ્થાનું શિખર શાશ્વત રહે છે.:મોદી

## નરેન્દ્ર મોદીએ પાવાગઢ ટેકરી પર પુનઃવિકાસિત કાલિકા માતા મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું





પાવાગઢ,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના ગુજરાત પ્રવાસ પર છે. પ્રધાનમંત્રીએ આજે પંચમહાલ જિલ્લાના પાવાગઢ ટેકરી પર પુનઃવિકાસિત કાલિકા માતા મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા. આ પહેલા ગાંધીનગર પહોંચ્યા બાદ પીએમ મોદી તેમના માતા હીરાબેન મોદીને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. હીરાબેન મોદી આજે તેમના જીવનના ૧૦૦મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

આ મંદિર અને તેના પરિસરનો પુનઃવિકાસ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધ્વજ ફરકાવ્યો હતો. પુનઃવિકાસ દરમિયાન, પહેલા પાવાગઢ ટેકરીની ટોચને પહોળી કરીને મોટા સંકુલનો પાયો નાખવામાં આવ્યો હતો, ત્યારબાદ સંકુલના પ્રથમ અને બીજા માળે આનુષંગિક સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. મૂળ ગર્ભગૃહને જાળવી રાખવામાં આવ્યું છે અને સમગ્ર મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્ય મંદિર અને ખુલ્લા વિસ્તારને પહોળો કરવામાં આવ્યો છે. માતાજીના જૂના મંદિરમાં જયાં 'શિખર' સ્થાને દરગાહ હતી. દરગાહને સૌહાર્દપૂર્ણ બંદોબસ્તમાં સ્થાનાંતરિત કરવામાં આવી છે અને એક નવું 'શિખર' બનાવવામાં આવ્યું છે, જેના પર એક થાંભલા પર ધ્વજ લગાવવામાં આવ્યો છે. પીએમ મોદીએ આ ધ્વજ લહેરાવીને મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

પીએમ મોદીએ આ પ્રસંગે પોતાના સંબોધનમાં કહ્યું કે, 'ક્યારે સપનું સંકલ્પ બની જાય છે અને જયારે સંકલ્પ સિદ્ધિના રૂપમાં આંખોની સામે હોય છે. તમે આની કલ્પના કરી શકો છો. આજની આ ક્ષણ મારા હૃદયને વિશેષ આનંદથી ભરી દે છે. કોઈ કલ્પના કરી શકે છે કે ૫મી સદી પછી અને આઝાદીના ૭૫ વર્ષ પછી મા કાલીના શિખર પર ધ્વજ ફરકાવવામાં આવ્યો ન હતો, આજે મા કાલીના શિખર પર ધ્વજ લહેરાવવામાં આવે છે. આ ક્ષણ આપણને પ્રેરણા અને ઉર્જા આપે છે અને આપણી મહાન સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે નિષ્ઠા સાથે જીવવાની પ્રેરણા આપે છે. આજે સદીઓ બાદ ફરી એકવાર પાવાગઢ મંદિરમાં મંદિરના શિખર પર ધ્વજ લહેરાવવામાં આવ્યો છે. આ શિખર ધ્વજ માત્ર આપણી શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનું પ્રતીક નથી! આ શિખર ધ્વજ એ હકીકતનું પણ પ્રતીક છે કે સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પરંતુ આસ્થાનું શિખર શાશ્વત રહે છે.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે જયારે સપનું સંકલ્પ બની જાય છે અને જયારે સંકલ્પ સિદ્ધિના રૂપમાં આંખોની સામે હોય છે. તમે આની કલ્પના કરી શકો છો. આજની ક્ષણ મારા હૃદયને વિશેષ આનંદથી ભરી દે છે, કોઈ કલ્પના કરી શકે છે કે ૫ સદીઓ પછી અને આઝાદીના ૭૫ વર્ષ પછી પણ મહાકાળી શિખર પર ધ્વજ ફરકાવવામાં આવ્યો ન હતો. આજે મા કાળીના શિખર પર ધ્વજ ફરકાવવામાં આવે છે. આ ક્ષણ આપણને પ્રેરણા અને ઉર્જા આપે છે અને આપણી મહાન સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે નિષ્ઠા સાથે જીવવાની પ્રેરણા આપે છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, આજે સદીઓ બાદ ફરી એકવાર પાવાગઢ મંદિરમાં મંદિરના શિખર પર ધ્વજ ફરકાવવામાં આવ્યો છે. આ શિખર ધ્વજ માત્ર આપણી શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનું પ્રતીક નથી! આ શિખર ધ્વજ એ હકીકતનું પણ પ્રતીક છે કે સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પરંતુ આસ્થાનું શિખર શાશ્વત રહે છે. અયોધ્યામાં તમે જોયું છે કે ભવ્ય રામ મંદિર આકાર લઈ રહ્યું છે, પછી તે કાશીનું વિશ્વનાથ ધામ હોય કે મારા કેદાર બાબાનું ધામ. આજે ભારતનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ગૌરવ પુનઃસ્થાપિત થઈ રહ્યું છે. આજે નવું ભારત તેની પ્રાચીન ઓળખ સાથે તેની આધુનિક આકાંક્ષાઓ સાથે જીવી રહ્યું છે, તેના પર ગર્વ અનુભવે છે.

પીએમ મોદીએ કહ્યું કે આજનો અવસર સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસનું પણ પ્રતિક છે. અત્યારે મને મા કાલી મંદિરમાં ધ્વજ ફરકાવવાનો અને પ્રાર્થના કરવાનો પણ મોકો મળ્યો છે. મા કાલીના આશીર્વાદ લઈને, વિવેકાનંદજી ભગવાનની જનસેવામાં લીન થઈ ગયા. માતા, મને પણ આશીર્વાદ આપો કે વધુ ઉર્જા સાથે, વધુ ત્યાગ અને સમર્પણ સાથે, દેશની જનતાના સેવક બનીને તેમની સેવા કરતા રહો. મંદિરનું પુનઃનિર્માણ ૨ તબક્કામાં કરવામાં આવ્યું છે. તેના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન એપ્રિલ ૨૦૨૨માં વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યું હતું. તે જ સમયે, આ કાર્યક્રમમાં બીજા તબક્કા હેઠળ ઉદ્‌ઘાટન કરવામાં આવનાર જીર્ણોદ્ધારિત ભાગનો શિલાન્યાસ ૨૦૧૭માં વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં મંદિરના પાયાનું વિસ્તરણ અને ત્રણ લેવલ પર 'કેમ્પસ', સ્ટ્રીટ લાઇટ, સીસીટીવી સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે.

પીએમે કહ્યું કે પંચમહાલના લોકોને મારી વિનંતી છે કે જે પણ શ્રદ્ધાળુઓ બહારથી અહીં દર્શન માટે આવે છે, તમારે તેમને તમારા રાજયના અન્ય પવિત્ર તીર્થસ્થાનો પર જવા માટે ચોક્કસ કહો. પહેલા પાવાગઢની યાત્રા એટલી મુશ્કેલ હતી કે લોકો કહેતા હતા કે જીવનમાં એકવાર માતાના દર્શન કરો. આજે અહીંની વધતી જતી સગવડોને કારણે મુશ્કેલ દર્શન સુલભ બની ગયા છે. માતાઓ, બહેનો, વડીલો, વિકલાંગ બાળકો, દરેક જણ માતાના ચરણોમાં આવી શકે છે અને તેમની ભક્તિ અને માતાના પ્રસાદનો સરળતાથી લાભ લઈ શકે છે.

પીએમે કહ્યું કે પાવાગઢમાં આધ્યાત્મિકતા છે, ઈતિહાસ પણ છે, પ્રકૃતિ પણ છે, કલા અને સંસ્કૃતિ પણ છે. અહીં એક તરફ મા મહાકાળીની શક્તિપીઠ છે તો બીજી તરફ જૈન મંદિરનો વારસો પણ છે. એટલે કે પાવાગઢ એક રીતે ભારતની ઐતિહાસિક વિવિધતા સાથે સર્વધર્મ સમાનતાનું કેન્દ્ર રહ્યું છે.

વડાપ્રધાને કહ્યું કે ગુજરાતે ભારતની સ્વતંત્રતા અને તેના વિકાસમાં યોગદાન આપ્યું છે. આઝાદી સમયે આપણે ગુલામી અને અન્યાયથી પીડિત હતા, તેની સામે લડ્યા. ભારતની સાંસ્કૃતિક સ્વતંત્રતાનું નેતૃત્વ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું કારણ કે તેમણે સોમનાથ મંદિરનો પુનઃવિકાસ કર્યો હતો અને ભારતના વિકાસનો પાયો નાખ્યો હતો.

# અગ્નિપથની આગમાં સૌથી વધુ હિંસા મોટાભાગે ભાજપ શાસિત રાજયોમાં થઇ રહી છે

નવીદિલ્હી,તા.૧૮

મોદી સરકાર તરફથી અગ્નિપથ યોજનાની જાહેરાત બાદ સેનામાં ભરતીના સપના જોઇ રહેલ અનેક રાજયોના યુવાનો માર્ગો ઉપર ઉતરી આવ્યા છે અને આંદોલન કરી રહ્યાં છે.બિહારના લખીસરાય છપરા સમસ્તીપુર આરા સહિત અનેક જીલ્લાઓમાં ટ્રેનોને આગ લગાવી દેવામાં આવી છે તો યુપીના માર્ગો પર યુવા પ્રદર્શન કરી રહ્યાં છે હરિયાણાના અનેક જીલ્લામાં પણ તોડફોડ અને આગના બનાવો બન્યા છે રોહતકમાં સેના ભરતીની તૈયારી કરી રહેલ એક યુવકે આત્મહત્યા કરી લીધી છે.ત્રણ દિવસથી અગ્નિપથના વિરોધમાં હિંસા થઇ રહી છે તેની ચપેટમાં સૌથી વધુ ભાજપ શાસિત રાજય જ છે.

કેન્દ્ર સરકાર તરફથી સેનામાં ચાર વર્ષ માટે ભરતી યોજના અગ્નિપથને લઇ બિહારથી શરૂ થયેલ હિંસાની આગ દેશના ૧૦ રાજયોમાં ફેલાઇ ગઇ છે.બિહાર યુપી હરિયાણા પંજાબ રાજસ્થાન મધ્યપ્રદેશ હિમાચલ પ્રદેશ ઝારખંડ ઉત્તરાખંડ દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં યુવાનો માર્ગ પર ઉતારી આંદોલન કરી રહ્યાં છે.બિહાર હરિયાણા અને યુપીમાં સૌથી વધુ આક્રોશ યુવાનોમાં જોવા મળ્યો છે.આવામાં યુવાનોનો ગુસ્સો શાંત કરવો ભાજપ માટે પડકારરૂપ બની રહ્યો છે.

અગ્નિપથ યોજનાની વિરૂધ્ધ દેશભરમાં યુવાનોના વિરોધ પ્રદર્શનથી ભાજપ ચિંતિત જણાઇ રહી છે કારણ કે મોટાભાગના આંદોલન ભાજપ શાસિતવાળા રાજયોમાં જ થઇ રહ્યાં છે બિહારમાં અનેક જીલ્લામાં હિંસા થઇ છે. પ્રદર્શનકારીઓએ અત્યાર સુધી નવ ટ્રેનોને આગ લગાવી દીધી છે ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રી યુવાનોની નારાજગી દુર કરવામાં લાગ્યા છે.યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એકતવાર ફરી યુવાનોને વિશ્વાસ અપાવ્યો છે કે સેનામાં ચાર વર્ષ સેવા આપનારા અગ્નિવીરોને સશસ્ત્ર દળો માટે કામ કરનારા યુવાનોને પોલીસ અને અન્ય વિભાગોમાં પ્રાથમિકતા આપવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે અગ્નિપથ યોજના જીવનને નવો આયામ આપવાની સાથે જ ભવિષ્યને સ્વર્ણિમ આધાર આપશે તમે કોઇની ઉશ્કેરણીમાં આવશો નહીં

બિહારમાં ભાજપ અને જદયુની ગઠબંધનની સરકાર છે અને સત્તાનું સુકાન નીતીશકુમારના હાથમાં છે સૌથી વધુ વિરોધ બિહારમાં થઇ રહ્યો છે. અહીં પ્રદર્શન હિંસામાં ફેરવાયું છે જયારે અગ્નિપથ યોજનાને લઇ જદયુ અને ભાજપનો મત અલગ છે.

નીતીશકુમાર ભલે જ ચુપ હોય પરંતુ જદયુ નેતા વિરોધમાં ઉભેલા નજરે પડી રહ્યાં છે. નીતીશના મંત્રી વિજેન્દ્ર યાદવે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું તો જદયુ

### બિહારમાં સૌથી વધુ હિંસા : નીતીશકુમાર ભલે જ ચુપ હોય પરંતુ જદયુ નેતા વિરોધમાં ઉભેલા નજરે પડી રહ્યાં છે.

અધ્યક્ષ લલન સિંહ અને હમ નેતા જીતન રામ માંઝીએ યોજના પર પુનર્વિચાર કરવાની માંગ કરી દીધી લલન સિંહે કહ્યું કે અગ્નિપથ યોજનાના નિર્ણયથી બિહાર સહિત દેશભરના યુવાનો અને છાત્રાઓના મનમાં અસંતોષ નિરાશા અને અંધકારમય ભવિષ્ય (બેરોજગારી)નો ભય સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. જયારે બિહાર સરકારના મંત્રી શાહનવાજ હુસૈને કહ્યું કે અગ્નિપથ યોજના યુવાનોના હિતમાં છે.

હરિયાણામાં ભાજપની સરકાર છે કિસાન આંદોલન બાદ અગ્નિપથ યોજનાને લઇ હરિયાણા આગમાં લપેટાયું છે હરિયાણામાં ખટ્ટર સરકારે અગ્નિવીરોને પોલીસની ભરતીમાં પ્રાથમિકતા આપવાનું વચન આપ્યું છે.

# શું આ પ્રદર્શનકારીઓના ઘર પર પણ બુલડોઝર ચાલશે ? : ઓવૈસી

### સેનામાં લગભગ એક લાખ વેકેન્સી છે. ચીન આપણી જમીન પર બેઠું છે. પાકિસ્તાનથી આપણને જોખમ છે છતા સરકારે નિર્ણય લીધો

હૈદરાબાદ,તા.૧૮

અગ્નિપથ સ્કીમને લઈને બિહાર, હરિયાણા સહિત દેશના ઘણા રાજયોમાં હિંસક પ્રદર્શન અને દંગાનો સિલસિલો સતત ચાલી રહ્યો છે. બિહારમાં ૫ ટ્રેનોને પ્રદર્શનકારીઓને આગના હવાલે કરી દીધી. સેનામાં ભરતીની નવી યોજનાથી નિરાશ યુવાનોનું કહેવું છે કે સરકાર આ યોજનાને વહેલી તકે પાછી લે. તો આ ઘટનામાં સરકારનું સ્પષ્ટ કહેવું છે કે સરકાર આ યોજનાથી આર્મીની નિયમિત ભરતી પ્રભાવિત નહીં થાય.અગ્નિપથ યોજના યુવાનોના ઉજ્વળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને લાગૂ કરવામાં આવી રહી છે. બીજી તરફ આ મુદ્દાને લઈને દેશની રાજનીતિ પણ ગરમ થઈ ચૂકી છે.

રાજકીય પાર્ટીઓ સેનાની નવી ભરતી પ્રણાલીને મોદી સરકારની મનમાની બતાવી રહી છે. એક ટી.વી. ડિબેટ શૉમાં સામેલ એઆઈએમઆઈએમના ચીફ અસદુદ્દીન ઓવૈસીએ આ આખા પ્રકરણ માટે મોદી સરકારને જવાબદાર ઠેરવી છે. તેમને જ્યારે ટી.વી. એંકરે પૂછ્યું કે, તમે પયગંબર વિવાદને લઈને થયેલી હિંસાને લઈને કોઈ નિવેદન આપ્યું નથી તો અસદુદ્દીન ઓવૈસીએ સખત અંદાજમાં કહ્યું કે, 'આજે પણ જુમા છે અને માર્ગ પર હિંસા થઈ રહી છે, આ હિંસા કોણ કરી રહ્યું છે? શું સરકાર આ પ્રદર્શનકારીઓના ઘર પર પણ બુલડોઝર ચલાવશે.

અસદુદ્દીન ઓવૈસીએ પયગંબર વિવાદ હિંસાને અગ્નિપથ સ્કીમના પ્રદર્શન સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. ન્યૂઝ એંકરે તેમને વારંવાર કહ્યું કે, તેઓ આ હિંસાને રોકવાની અપીલ કરી દે. ઓવૈસીએ મોદી સરકારને જવાબદાર ઠેરવતા કહ્યું કે, હું કોઈ અપીલ નહીં કરું. જોકે તેમણે એમ જરૂર કહ્યું કે, દેશમાં હિંસાની કોઈ જગ્યા નથી. તેમણે કહ્યું કે, હું ભાજપને અપીલ કરી રહ્યો છું કે તમે દેશની જનતાનો અવાજ સાંભળો, પોતાની ભૂલ માની લો અને નિર્ણય પાછા લઈ લો.તેમણે કહ્યું કે, એ કેમ થયું? દેશના વડાપ્રધાનને હું હાથ જોડીને અપીલ કરું છું કે, તમે નિર્ણયને પાછો લો. જો હિંસા થઈ રહી છે તો સરકાર શું કરી રહી છે. સરકાર જવાબદાર છે. બુલડોઝર, બુલડોઝર કરી રહ્યા હતા. શું થયું બુલડોઝરનું? આ યોજનામાં ભરતી થનારા વિદ્યાર્થીઓને ન તો કોઈ રેંક આપવામાં આવી છે અને ન તો કોઈ પેન્શન આપવામાં આવી છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પૂછ્યું કે, તમે આ નિર્ણય કેમ લીધો છે? સેનામાં લગભગ એક લાખ વેકેન્સી છે. ચીન આપણી જમીન પર બેઠું છે.

# સરકારે અગ્નિપથ યોજનાની સમીક્ષા કરવી જોઈએ : અમરિંદર સિંહ

ચંડીગઢ,તા.૧૮

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે અગ્નિપથ યોજનાની સમીક્ષા કરવાનું સુચન કર્યું છે.અમરિંદર સિંહે કહ્યું કે આ રેજીમેંટ્સના લાંબા સમયથી હાજર વિશિષ્ટ લોકાચારને નબળુ કરશે તેમણે કહ્યું કે એક સૈનિક માટે ચાર વર્ષની સેવા ખુબ ઓછો સમય છે આ સાથે જ તેમણે આશ્ચર્ય વ્યકત કર્યું કે સરકારને આ રીતના મૌલિક પરિવર્તનની જરૂરત કેમ પડી જે આટલા વર્ષોથી દેશ માટે આટલું સારૂ કામ કરી રહી છે.પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે ત્રણ વર્ષની પ્રભાવી સેવાની સાથે ચાર વર્ષ માટે સૈનિકોને કામ પર રાખવા,સૈન્ચયના રૂપમાં એક સારો વિચાર નથી તેમણે ઓલ ઈન્ડિયા ઓલ કલાસ ભરતી નીતિનો વિરોધ કરતા કહ્યું કે આ રેજિંમેંટના લોકાચારને નબળુ કરશે તેમણે કહ્યું કે શિખ રેજીમેંટ,ડોંગરા રેજીમેંટ,મદ્રાસ રેજીમેંટ જેવી અલગ અલગ રેજીમેંટોનો પોતાનો લોકાચાર છે જે સૈન્ય દ્રષ્ટિથી મહત્વપૂર્ણ હતો અને તેની ઉપેક્ષા કરવામાં આવી હતી.પંજાબના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે અલગ અલગ સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિના જવાનો માટે આટલા ઓછા સમયની અંદર એક વિશેષ રેજિંમેંટ માટે બીજુ વાતાવરણમાં સમાયોજિત કરવું મુશ્કેલ થશે એ યાદ રહે કે અમરિંદર સિંહની પાર્ટી પંજાબ લોક કોંગ્રેસ પંજાબમાં ભાજપની સાથી છે.

# મલિક અને દેશમુખ મતદાન કરી શકશે નહીં,લોકતંત્રને બરબાદ કરવામાં આવી રહ્યું છે : સંજય રાઉત

મુંબઇ,તા.૧૮

મહારાષ્ટ્ર વિધાન પરિષદની ૧૦ બેઠકો માટે ૨૦ જુને મતદાન થનાર છે.આ ચુંટણીઓમાં રાજયના કેબિનેટ મંત્રી નવાબ મલિક અને પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખ મતદાન કરી શકશે નહીં બોમ્બે હાઈકોર્ટે નવાબ મલિક અને અનિલ દેશમુખને વિધાન પરિષદ ચુંટણીમાં મતદાન આપવાની મંજુરી આપી નથી હકીકતમાં બંન્ને નેતાઓએ અરજી દાખલ કરી ચુંટણી માટે અસ્થાયી જામીનની માંગ કરી હતી.

કોર્ટના આદેશ બાદ શિવસેનાના સાંસદ સંજય રાઉતે કહ્યું કે એમવીએ સરકાર માટે આ આંચકો નથી પરંતુ બંન્ને નેતાઓના બંધારણીય અધિકાર નકારવામાં આવી રહ્યાં છે બંન્ને જ આ ગૃહના સભ્ય છે.

સંજય રાઉતે કહ્યું કે વિધાન પરિષદ ચુંટણીમાં મતદાન કરવુ તેમનો અધિકાર છે પરંતુ દેશમાં લોકતંત્રને બરબાદ કરવામાં આવી રહ્યું છે.તેમણે આરોપ લગાવ્યો કે કોર્ટના નિર્ણયની પાછળ કોઇ અન્ય ખેલ ખેલી રહ્યું છે.

જયારે વિધાન પરિષદ ચુંટણી માટે કોંગ્રેસ તરફથી ઉમેદવાર ભાઇ જગતાપે કહ્યું કે નવાબ મલિક અને દેશમુખના બંધારણીય અધિકાર નકારવામાં આવી રહ્યાં છે તે બંન્ને પર અત્યાર સુધી આરોપ લાગ્યા છે પરંતુ તે સાબિત થયા નથી મામલાની તપાસ ચાલી રહી છે આવામાં તેમને મત આપવાનો અધિકાર ન મળે તે ખોટું છે અમે તેની સખ્ત શબ્દોમાં ટીકા કરીએ છીએ

જો કે વિધાન પરિષદના વિરોધ પક્ષના નેતા પ્રવીણ દરેકરે કહ્યું કે કોર્ટના નિર્ણયનું સ્વાગત છે.

એમવીએ સરકારનો આ ખુબ મોટો આંચકો છે ભાજપને રાહત છે તેમણે કહ્યું કે અમે વિધાન પરિષદમાં પાંચેય બેઠકો પર જીત હાંસલ કરીશું.

# આસામ પૂરમાં ૫૪ લોકોના મોત : ૧૮ લાખથી વધુ લોકો પ્રભાવિત

ગોવાહાટી,તા.૧૮

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી એ માહિતી આપી છે કે, આસામમાં પૂરને કારણે વધુ નવ લોકોના મોત થયા છે. જેનાથી અત્યારસુધીમાં કુલ મૃત્યુઆંક ૫૪ પર પહોંચી ગયો છે. આસામના હોજાઈ, નલબારી, બજલી, ધુબરી, કામરૂપ, કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાંથી મૃત્યુ નોંધાયા છે. આ વર્ષે અત્યાર સુધીમાં રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનના કારણે ૫૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આસામના પૂરમાં ૨૮ જિલ્લાઓમાં ૧૮.૯૪ લાખ લોકો પૂરની સ્થિતિથી પ્રભાવિત થયા છે. રાજયના આંકડા મુજબ, ૯૬ મહેસૂલી વર્તુળો હેઠળના ૨,૯૩૦ ગામો હાલમાં પાણી હેઠળ છે.

અહેવાલો અનુસાર, પૂર પ્રભાવિત જિલ્લાઓમાં ૪૩૩૩૮.૩૯ હેક્ટર પાકની જમીન ડૂબી ગઈ છે. રાજયમાં બેકી, માનસ, પાગલડિયા, પુથિમરી, જિયા ભરાલી, કોપિલી ખાતે બ્રહ્મપુત્રા નદીનું જળસ્તર ખતરાના નિશાન ઉપર વહી રહ્યું છે. હાલમાં, ૧,૦૮,૧૦૪ પૂર પ્રભાવિત લોકો જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્થાપિત ૩૭૩ રાહત શિબિરોમાં રહે છે. જેમાંથી એકલા બજલી જિલ્લામાં ૩.૫૫ લાખ, દારંગ જિલ્લામાં ૨.૯૦ લાખ, ગોલપારામાં ૧.૮૪ લાખ, બરપેટામાં ૧.૬૯ લાખ, નલબારીમાં ૧.૨૩ લાખ, કામરૂપમાં ૧.૧૯ લાખ અને હોજાઈ જિલ્લામાં ૧.૦૫ લાખ લોકોને અસર થઈ છે.

નવીનતમ અહેવાલો અનુસાર, આસામના કામરૂપ જિલ્લામાં પૂરની સ્થિતિ વધુ વણસી ગઈ છે. પૂરના પાણી નવા વિસ્તારોમાં પ્રવેશ્યા છે.

# તંત્રી લેખ

## પ્રાયોજિત અરાજકતા



સેનાનાં ત્રણેય અંગોમાં ભરતી માટે લાવવામાં આવેલી અગ્નિપથ યોજનાથી અસહમત અને નાખુશ યુવાઓએ દેશના વિભિન્ન હિસ્સામાં જે રીતે ઉત્પાત મચાવ્યો અને આ દરમ્યાન પથ્થરમારો અને આગચંપીની સાથે દરેક પ્રકારની અરાજકતાનો પરિચય આપવામાં આવ્યો, તે આઘાતકારી તો છે જ, બલ્કે શરમજનક પણ છે. આખરે આવા અનુશાસનહીન અને અરાજક યુવાઓ સેનામાં ભરતી થવાને લાયક પણ કઈ રીતે હોઈશકે, જેઓ પોતાનો વિરોધ નોંધાવવાના બહાને રાષ્ટ્રની સંપત્તિને જ નષ્ટ કરવાનું કામ કરી રહ્યા છે? વિરોધના નામે ટ્રેનોને આગ ચાંપવી, રેલવે સ્ટેશનો પર તોડફોડ કરવી, સરકારી અને ખાનગી વાહનોને નુક્સાન પહોંચાડવું ગુંડાગર્દી સિવાય કશું જ નથી અને આ બધી હિંસા પ્રાયોજિત હોવાનું પણ દેખાઈ આવે છે. આવું હિંસક આચરણ કોઈપણ કિંમતે સહન ન કરવું જોઈએ. રાજ્ય સરકારોએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે હિંસામાં સામેલ તત્ત્વો વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવામાં આવે. આ એટલા માટે જરૂરી છે, કારણકે હવે વિરોધના નામે દરેક પ્રકારની અરાજકતા પ્રદર્શિત કરવાનું અને તેના દ્વારા લોકોને ભયભીત બનાવવાનું કામ સામાન્ય થતું જાય છે. જો અરાજકતાનો સહારો લઈને શાસનને તેના નિર્ણયો પાછા ખેંચવા મજબૂર કરવાની પ્રવૃત્તિ પર પ્રહાર ન કરવામાં આવ્યો તો સરકારો માટે કામ કરવાનું તો મુશ્કેલ થઈ જ જશે, વાતે-વાતે કાયદો હાથમાં લેનારા અરાજક તત્ત્વોનું દુઃસાહસ પણ વધશે.

નિઃસંદેહ એ સમજાય છે કે સેનામાં ભરતી થવા માટે ઈચ્છુક કેટલાક યુવાઓને અગ્નિપથ યોજનાની કેટલીક જોગવાઈઓ ન ગમી હોય, પરંતુ તેનો એ મતલબ નહીં કે તેઓ સડકો પર ઉતરીને હિંસા આચરવા લાગે. દુર્ભાગ્યે બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, હિમાચલ સહિત કેટલાય અન્ય રાજ્યોમાં એવું જ થયું. એ માનવાનાં ઘણાં કારણો છે કે કેટલાક રાજકીય પક્ષોએ યુવાઓને અગ્નિપથ યોજના વિરુદ્ધ ઉશ્કેર્યા છે અને પોતાના ગુંડાઓ ઉતારીને હિંસાની શરૂઆત કરાવી છે. એ જોવું દયનીય છે કે સૈનિક બનવા માટે તત્પર જે યુવાઓએ અનુશાસનનો પરિચય આપવાનો હોય અને પોતાનો રોષ-આક્રોશ મર્યાદિત રીતે વ્યક્ત કરવાનો હોય, તેઓ સડકો પર ગુંડાઓની માફક ઉપદ્રવ કરતા દેખાયછે. આખરે દેશ સેવાનો આ કેવો જુસ્સો છે, જેમાં ના તો સંયમ દેખાય છે કે ના પોતાના વાંધાને સભ્ય રીતે રજૂ કરવાની રીત? એ સ્પષ્ટ છે કે જે યુવાઓ અગ્નિપથ યોજનાના વિરોધમાં સડકો પર હિંસા કરવા ઉતર્યા, તેમણે એ જોવાની પણ દરકાર ન રાખી કે સરકાર કઈ રીતે તેમની ચિંતાઓ અને સવાલોનું સમાધાન કરવા માટે સક્રિય છે. એ જ રીતે આ સમગ્ર મામલે સરકાર માટે પણ એક બોધપાઠ છે કે તેણે પોતાની કોઈ યોજનાને લાગુ કરતાં પહેલાં પૂરી તૈયારી સાથે આવવું જોઈએ, જેથી કોઈ પ્રકારના સંશય માટે કોઈ અવકાશ ન રહે.

# એષા ખુલ્લી કિતાબ- ૧૩




બીજે દિવસે સવારે ચા નાસ્તાનાં ટેબલ ઉપર મીરાંએ વાત કરી '' ધ્રુમિલ માટે એક સારી વાત આવી છે. છોકરી અને ફેમિલી મારા જાણીતા છે. એષા તારી જો મરજી હોય તો હું ધ્રુમિલને વાત કરી જોઉં અને એની તૈયારી હોય તો બંનેની મુલાકાત પણ ગોઠવી શકાય એટલો મારો હક એ છોકરી પર પણ છે.''

''ધરમનાં કામમાં વળી ઢીલ શી અને તું વચ્ચે છું એટલે મારે કોઈ લાંબી તપાસ કરવાની પણ ક્યાં જરુર છે? જો ધ્રુમિલને પસંદ પડે તો અમને કોઈ વાંધો નથી.

અને મીરાંએ મિડીયેટરનું કામ બરાબર સંભાળી લીધું. ધ્રુમિલ અને સ્નેહાને મેળવી આપ્યા. એષા-રોહિત સાથે મુલાકાત પણ કરાવી દીધી.આમ તો દુનિયા ખૂબ નાની છે અને શોધવા બેસીએ તો ઓળખાણના છેડા ક્યાંક તો જોડાતા જ હોય. એવી રીતે ક્યાંકને ક્યાંક તો આ બંને પરિવારોને જોડતી કડી મળી ગઈ. લાંબી તપાસ કે વધુ રાહ જોવાની જરુર નહોતી. બધુંજ ખૂબ સરળતાથી ગોઠવાઈ ગયું.

વળી ફરી એક વાર એષા અને રોહિતનાં દિવસો થોડા વ્યસ્તતામાં પસાર થવાં લાગ્યાં ઋચાનાં લગ્ન પતે ઝાઝો સમય થયો નહતો એટલે ખાસ નવેસરથી કશું કરવાનું હતું જ નહીં. કંકોતરી માટેનું લિસ્ટ તો તૈયાર જ હતું, બસ થોડીઘણી ખરીદી અને જાન જોડીને વડોદરા જવાનું હતું એટલે મન પણ કોઈ ભાર નહોતો.

સરસ રીતે પ્રસંગ ઉકલી ગયો. હવે એશાને ધ્રુમિલની રહી સહી ચિંતા પણ રહી નહિ. સ્નેહાકી સૌમ્ય અને મળતાવડી હતી. બંનેના વિવાહનું નક્કી કર્યું ત્યારથી લગભગ દર રવિવારે ધ્રુમિલ સાથે આણંદ પણ આવતી હતી. અને એષાને તો વળી સૌ પોતાના લાગતા, ત્યાં સ્નેહાને સ્વીકારવામાં ક્યાંવાર લાગવાની હતી!

લગ્ન પછી પણ એ બંનેનો દર રવિવારે આણંદ આવવાનો અનુક્રમ ચાલુ જ રહ્યો. જ્યારે બંને એષા અને રોહિત પાસે આવીને રહેતા ત્યારે મન અને ઘરનું વાતાવરણ ખૂબ પ્રસન્ન લાગતું. આટલા લાંબા સમય પછી એષાને મોટાઈ અને મોટીબેનની સંયુક્ત પરિવારની ભાવના. સમજાતી હતી. ઘરમાં સૌ મંગળ લાગતું હતું.

બે એક અઠવાડિયા પછી રિવા સાથે ફોન ઉપર વાત કરતા એષા બોલી "ઈશ્વર એક હાથે આપે છે તો સામે બીજા હાથે પાછું કેમ માંગી લે છે?"

ઋચા- ધ્રુમિલનું વિચાર્યુ હતું એના કરતા પણ સરસ રીતે ગોઠવાઈ ગયું. એ બંનેની હવે મને કોઈ ચિંતા નથી તો હવે રોહિત માટેની ચિંતા કોરી ખાય છે."

ધ્રુમિલનાં લગ્ન પછી વળી પાછી રોહિતની તબિયત નરમગરમ રહેવા લાગી હતી એટલે સ્વાભાવિક એષાનાં મનના તળમાં થતી ચિંતા, વિચારોની ઊથલપાથલ હવે એની વાતોમાં વ્યક્ત થવા લાગી હતી. ધ્રુમિલ અને સ્નેહા સાથે ફોન પર વાત કરતી ત્યારે સ્વસ્થ રહેવા પ્રયત્ન કરતી એષા રિવા પાસે સ્વસ્થ રહી શકતી નહતી.

"બહારથી સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરુ છું પણ કોઈક વાર તો એમાં પણ નિષ્ફળ જતી હોઉં એમ મને લાગે છે. જાણે ધ્રુમિલ અને રુચાની લગ્નની જવાબદારી પૂરી કરવાનું નક્કી કર્યું હોય એમ અહીં સુધી તો રોહિતની તબિયતે સાથ આપ્યો પણ હવે તબિયત કથળતી જાય છે, શરીર લથડતું જાય છે."

રિવા એષાની વેદના સમજી શકતી હતી. નજર સામેજ આપણે આપણી વ્યક્તિને જીવનમાંથી વિદાય લેતી જોવી એ કેટલું કપરું છે એ વિચારી શકતી હતી. એ ઠાલું આશ્વાસન પણ એષાને આપી શકે તેમ નહોતી. નોન મેડિકલ પર્સન હોય તો બરાબર છે પણ અહીં તો રોજબરોજના રિપોર્ટ એષાની હાજરીમાં જ થતા. કોઈ વસ્તુ એષાની નજરની કે જાણ બહાર નહોતી.

ઊધઈએ કોતરી કાઢેલા લાકડાની ફ્રેમ અંદરથી કેટલી પોલી થવા માંડી છે એની એષાને બરાબર જાણ હતી. વારંવાર થતાં બ્લડ ટેસ્ટ, બાયોપ્સીનું રિઝલ્ટ એષાના જ હાથમાં આવતું હતું. મેડિકલ ફીલ્ડમાં કામ કરતા હતાં એટલે બંને જણ પરિસ્થિતિની ગંભીરતા સમજી શકતાં હતાં. ચિંતા વધતી જતી હતી. વાસ્તવિકતાની દુનિયામાં ડહાપણ કે સમજદારીની વાતો કેટલી પોકળ છે એ રિવા પણ જાણતી હતી એટલે બીજું તો કશુંજ એને કહેવાનું, બોલવાનું હતું નહીં અને છતાંય મૂક સધિયારો આપતી હોય એમ એ એષાની સામે જોઈને એની બધી વાતો સાંભળતી હતી.

"તને

# ૨૦૩૬ના ઓલમ્પિકની મેજબાની કરવા બોપલની બાજુમાં ઓલમ્પિક ગામડું ઉભું કરાશે

અમદાવાદ,તા.૧૮

૨૦૩૬ માં ઓલમ્પિકની મેરબાની કરવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદ ની બાજુમાં આવેલા બોપલ મા ઓલમ્પિક ગામડું ઉભું કરવામાં આવશે જે અંગે મંજૂરીની મોહર પણ આપવામાં આવેલી છે.

૨૦૦ એકર માં ઊભું કરનારું ઓલમ્પિક ગામડું સંપૂર્ણ ફેસીલીટી ની સાથોસાથ ટ્રેનિંગ ફેસીલીટી થી સજ્જ હશે જેના માટે સરકાર ચાર હજાર કરોડથી પણ વધુનો ખર્ચ કરશે. આ ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બનવા માટે અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા આ કામગીરી શરૂ કરવામાં આવશે અને સરકારે પણ વિવિધ પોર્ટ એપાર્ટમેન્ટ બનાવવાનું નિર્ધારિત પણ કરી દીધેલું છે. આ વાતને ધ્યાને લઈ અમદાવાદ કલેક્ટર દ્વારા પણ વિવિધ ટીપી સ્કીમો ને ઝડપથી અમલી બનાવવા માટે પ્લોટના માલિકો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે જેથી કામ ઝડપભેર શરૂ કરવામાં આવે. બોપલ પાસે આવેલા મનિપુર-ગોધાવી વચ્ચે ઓલમ્પિક ગામડું ઊભું કરાશે.

ઓલમ્પિક ને સફળ બનાવવા માટે અને ઐતિહાસિક ઘટનાને સાક્ષી બનવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા અનેક મહત્વપૂર્ણ પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે ત્યારે ૨૦૦ એકર માં જે ઓલમ્પિક ગામડુ ઉભુ કરવામાં આવશે તેને સંપૂર્ણ જ બનાવાશે અને ઓલમ્પિક રમતો સરળતાથી રમાડી શકાય તેવી વ્યવસ્થા પણ ઉભી કરાશે. અગાઉ સરકાર તરફથી નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમના પરિસરમાં જ ગેમ્સ વિલેજ અને ખેલાડીઓ માટે અપાર્ટમેન્ટ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. પરંતુ મોટેરા-કોટેશ્વર તેમજ સાબરમતી વિસ્તારમાં ટીપી સ્કીમમાં ફેરફાર થવાને કારણે પ્લોટના માલિકો સાથે વાતચીત કરવામાં સમય લાગી શકે છે. માટે તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે, મણિપુર-ગોધાવી ખાતે આ ઓલિમ્પિક વિલેજ તૈયાર કરવામાં આવે.

ઓડાના એક અધિકારીએ જણાવ્યું કે, ટીપી સ્કીમ ૪૨૯ તેમજ તેની આસપાસની જમીન સહિતની ૪૦૦ હેક્ટર જમીન પર અમે ડેવલપમેન્ટ પ્લાન્સ ઈશ્યુ કરવાનું બંધ કરી દીધું છે. સ્પોર્ટ્સ વિલેજ તૈયાર થઈ શકે તે માટે અમે આ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારની યોજના એવી છે કે ઓલિમ્પિક્સ સમાપ્ત થઈ જાય પછી ખેલાડીઓ માટે તૈયાર કરવામાં આવેલા આ અપાર્ટમેન્ટને વેચી દેવામાં આવશે. એક અંદાજ અનુસાર દેશ-વિદેશના કુલ ૧૨,૫૦૦ મહેમાનો તેમાં ભાગ લેશે. વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન અમદાવાદમાં થાય તે આશા સાથે સરકાર દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

બોપલ પાસે આવેલા મણિપુર-ગોધાવી ખાતે ૨૦૦ એકર જમીનમાં ઓલિમ્પિક વિલેજ તેમજ ટ્રેનિંગ સેન્ટર્સ શરુ કરવાની યોજના ઓડા ધ્વારા તૈયાર કરવામાં આવી છે. ખેલાડીઓ માટે લગભગ ૩૦૦૦ અપાર્ટમેન્ટ તૈયાર કરવામાં આવશે. આ સિવાય જીમ અને પાર્કિંગની પણ પૂરતી વ્યવસ્થા હશે

# હાર્દિક પટેલ બાદ લલિત વસોયા કોંગ્રેસને રામ રામ કરી શકે છે

રાજકોટ,તા.૧૮

ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક ઝટકો લાગી શકે છે. કારણ કે, વધુ એક દિગ્ગજ નેતા કોંગ્રેસને રામ રામ કરી શકે છે તેવા સમાચાર સામે આવ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, લલિત વસોયા પણ હાર્દિકની જેમ કોંગ્રેસને અલવિદા કરી શકે છે. લલિત વસોયા ધોરાજી-ઉપલેટાના કોંગ્રેસના ધારાસભ્ય છે.

ગુજરાતના રાજકારણમાં હાલ કોંગ્રેસની પડતી ચાલી રહી છે. એક પછી એક ધારાસભ્યો, નેતાઓ કોંગ્રેસમાંથી વિદાય લઈ રહ્યાં છે. ત્યારે રાજકારણમાં આગામી દિવસોમાં વધુ કોંગ્રેસને મોટો ઝટકો લાગી શકે છે. રાજકોટ જિલ્લાના ધોરાજી ઉપલેટા ૭૫ વિધાનસભાના કોંગ્રેસના દિગ્ગજ ધારાસભ્ય લલિત વસોયા કોંગ્રેસને રામ રામ કરી શકે છે. આગામી થોડા દિવસોમાં કોંગ્રેસનો હાથ છોડી કેસરીયો કરી શકે છે તેવી ચર્ચા શરૂ થઈ છે. આમ, હાર્દિક પટેલ બાદ વધુ એક કોંગ્રેસ દિગ્ગજ નેતા લલિત વસોયા કોંગ્રેસનો હાથ છોડી શકે છે.

ચર્ચાય છે કે, હાર્દિક પટેલની વ્યૂહ રચના મુજબ લલિત વસોયા ભાજપમાં જોડાઈ શકે છે. કારણ કે, થોડા દિવસ પહેલા લલિત વસોયા કોંગ્રેસના ગ્રુપમાંથી લેફ્ટ થયા હતા. આ કારણે ધોરાજી ઉપલેટાના ધારાસભ્ય લલિત વસોયા કોંગ્રેસનો હાથ છોડી કેસરીયો ધારણ કરી શકે છે. લલિત વસોયા કોંગ્રેસનો હાથ છોડતાં કોંગ્રેસને હાર્દિક પટેલ બાદ મોટો ફટકો પડી શકે છે. કોંગ્રેસનો સાથે એક પછી એક દિગ્ગજ નેતા છોડી રહ્યાં છે, જેથી કોંગ્રેસને આગામી વિધાનસભાની ચૂંટણીમાં મોટો ફટકો પડી શકે છે.

# સુરેન્દ્રનગરમાં વીજળી પડતા પિતા-પુત્રી સહિત પરિવારના ત્રણના મોત

સુરેન્દ્રનગર,તા.૧૮

રાજ્યમાં ચોમાસુ શરૂ થઈ ગયું છે. અનેક જિલ્લાઓમાં મેઘરાજાએ મહેરબાની શરૂ કરી દીધી છે. એક બાજુ ખેડૂતો ચોમાસુ ટાઈમસર આવી પહોંચતા અને વાવણીલાયક વરસાદ થતા ખુશ છે, તો બીજી બાજુ સુરેન્દ્રનગરમાં વરસાદી વીજળીના કારણે દુર્ઘટના સામે આવી છે. સુરેન્દ્રનગરના લીંબડીના કટારીયા ગામમાં વીજળી પડતા એક જડ પરિવારના ત્રણ સભ્યોના મોતની આખા ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરેન્દ્ર જિલ્લાના લીંબડી વિસ્તારના કટારીયા ગામમાં આજે વીજળી પડતા એક પરિવારના ત્રણ સભ્યો મોતને ભેટ્યા છે. ત્રણે મૃતકોમાં પિતા-પુત્રી સહિત ત્રણના મોતનો સમાવેશ થાય છે. આ ઘટનાની જાણ થતા જ તંત્ર ઘટના સ્થળે પહોંચી ગયુપં હતું અને ત્રમેની લાશને પીએમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

વિગતે ઘટનાની વાત કરીએ તો, લીંબડીના કટારીયા ગામમાં સવારથી વરસાદી માહોલ છવાયેલો હતો, તે સમયે પિતા-પુત્રી સહિત ત્રણ લોકો પર વીજળી મોત બનીને ત્રાટકી આ દુર્ઘટનામાં સ્થળ પર ત્રણેના મોત નિપજ્યા હતા. આ ઘટનાની જાણ થતા ગ્રામજનો ભેગા થઈ ગયા અને ત્રણેને હોસ્પિટલ સારવાર માટે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. અચાનક ગામમાં વીજળીથી એક જ પરિવારના ત્રણના મોતથી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ પણ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. ત્રણેના મૃતદેહ કબ્જે લઈ પીએમ માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસ અનુસાર, મૃતકોમાં અક્ષય હરેશભાઈ બાધણીયા (૨૭), હરેશભાઈ છગનભાઈ બાધણીયા (૫૨) અને હેતલબેન કલ્પેશભાઈ મેણીયા (૨૮)નો સમાવેશ થાય છે. હાલમાં પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતા હીરાબેનના ૧૦૦માં જન્મદિવસે ચરણોમાં બેસીને આશીર્વાદ લીધા

ગાંધીનગર,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદી આજે ૧૦૦ વર્ષના થયા છે.

આ પ્રસંગે વડાપ્રધાને ગાંધીનગર સ્થિત તેમના નિવાસસ્થાને પહોંચીને માતાના આશીર્વાદ લીધા હતા. તેઓ આજે અનેક યોજનાઓનું ઉદ્‌ઘાટન કરશે. પીએમ બે દિવસની ગુજરાત મુલાકાતે પહોંચ્યા છે. તેઓ માતાના જન્મદિવસ નિમિત્તે માતૃશક્તિ યોજનાનું ઉદ્‌ઘાટન કરશે. આ સિવાય તેઓ રાજ્યને ૨૧ હજાર કરોડ રૂપિયાની ભેટ આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે ગાંધીનગર પહોંચ્યા અને માતા હીરાબાને મળ્યા અને તેમના આશીર્વાદ લીધા.પીએમ મોદીએ તેમની માતા સાથે લગભગ ૩૦ મિનિટ વિતાવી. અને તેમની પ્રાર્થના પણ કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતાના પગ ધોયા અને ભેટમાં શાલ પણ આપી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતાજીની પૂજા કરી તેમના આશીર્વાદ લીધા હતા. વડાપ્રધાન મોદી પણ માતાના પગ પાસે બેસીને તેમની સાથે વાત કરતા જોવા મળ્યા હતા. વડાપ્રધાન મોદીના ભાઈએ ગૃહમાં વિશેષ પૂજા કર્યા બાદ હાજર તમામ લોકોના મોં મીઠા કરાવ્યા હતા. પીએમ મોદીએ તેમની માતા હીરાબેન સાથે ઘરે બનાવેલા મંદિરમાં પૂજા પણ કરી હતી. તેમજ વડાપ્રધાનને તેમના મનોભાવને સોશિયલ મીડિયા ઉપર શેર કરીને માતાને ૧૦૦ માં જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રમોદીએ માતા હીરાબાને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયા ઉપર લખ્યું હતું કે, 'મા' એ માત્ર શબ્દ નથી.

# અગ્નિપથ યોજના'ની જવાળાઓ જામનગર સુધી પહોંચી : આર્મી વિદ્યાર્થીઓનો વિરોધ

જામનગર,તા.૧૮

ભારત સરકાર અગ્નિપથ યોજના માટે પુરી તૈયારી સાથે મેદાનમાં ઉતરી છે, આ યોજનાથી યુવાનોને દેશની સેવા કરવાનો મોકો અને રોજગાર પણ મળી રહેશે પરંતુ આ યોજનાનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. આ વિરોધ હવે સૌરાષ્ટ્રભરમાં પણ થઈ રહ્યો છે. આજે તો જામનગરનાં યુવાનો પણ રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને તેમને જામનગરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. મોટી સંખ્યાઓમાં વિદ્યાર્થીઓ મિલિટરી છઈને રજુઆત કરવા પહોંચ્યા હતા અને રીટર્ન પરિક્ષા નહિ લેવાતા આર્મી વિદ્યાર્થીઓ નારાજ થયા છે. વિદ્યાર્થીઓનું ટોળું આક્રમક મુદ્દ્રામાં હોવાથી જામનગર શહેર પોલીસ ઘટના સ્થલી પહોચી હતી અને કાયદો વ્યવસ્થા જાળવવા કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરમાં આજે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ આ યોજનાના વિરોધમાં એકઠા થયા હતા. સશસ્ત્ર દળોમાં અગ્નિપથ યોજના હેઠળ યુવાનોની ભરતી મામલે જામનગરમાં આર્મી ગેટ પાસે ધરણા પ્રદર્શન દરમ્યાન પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણ થયું છે. રજૂઆતના પ્રત્યુત્તરમાં વિદ્યાર્થીઓ અસંતુષ્ટ હોવાનું જાણવા મળી રહ્યું છે. પરંતુ જ્યારે પરિસ્થિતિ કાબૂ બહાર જતાં જણાઈ ત્યારે પોલીસે વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. પોલીસ દ્વારા યુવાનોના ટોળાને વિખેરવા હળવો બળપ્રયોગ કરાયો છે.

સૌરાષ્ટ્રભરમાંથી મિલેટરી સ્ટેશન ખાતે ભેગા થયેલા યુવાનોને વિખેરવા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં પોલીસ દ્વારા લાકડીઓ બતાવી વિદ્યાર્થીઓના ટોળા વિખેરવા પ્રયાસ હાથ ધરાયો. છેલ્લે પોલીસે હળવો બળ પ્રયોગ શરૂ કરતાં વિરોધ કરી રહેલ યુવાનોમાં નાસભાગ મચી ગઈ હતી.

એ યાદ રહે કે 'અગ્નિપથ યોજના' હેઠળ આર્મી, નેવી અને એરફોર્સમાં સૈનિકોની ભરતી થશે. તેમનો રેક હાલના રેકથી અલગ હશે અને તેમને 'અગ્નવીર' કહેવામાં આવશે. આ યોજના હેઠળ દર વર્ષે લગભગ ૪૦-૪૫ હજાર યુવાનોને સેનામાં સામેલ કરવામાં આવશે.

આ યુવાનોની ઉંમર સાડા ૧૭ વર્ષથી લઈને ૨૧ વર્ષની વચ્ચે હશે. ૯૦ દિવસમાં સેનામાં ભરતી માટે પ્રથમ ભરતીની પ્રક્રિયા યોજાશે ય પ્રારંભિક તબક્કામાં આર્મી માટે ૪૦૦૦૦, નેવી માટે ૩૦૦૦ અને એરફોર્સ માટે ૩,૫૦૦ની ભરતી થશે.

દેશના કેટલાક ભાગોમાં અગ્નિપથ યોજનાનો વિરોધ થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે માત્ર ૪ વર્ષમાં જ નોકરીની તક મળશે, તે પછી શું થશે? આના જવાબમાં સરકાર કહે છે કે મોટાભાગના યુવાનો ૧૨મા પછી કૌશલ્યની તાલીમ અથવા ઉચ્ચ શિક્ષણ લે છે અને પછી નોકરી શોધે છે. અમે યુવાનોને એક સાથે ત્રણ તક આપી રહ્યા છીએ. તેમને સારો પગાર મળશે, ચાર વર્ષમાં સારું બેંક બેલેન્સ હશે. આ સાથે તેમને નોકરી દરમિયાન કૌશલ્યની તાલીમ પણ આપવામાં આવશે.

# મહારાજા રણજિત સિંહની પુણ્યતિથિ પર પાકિસ્તાને શીખ યાત્રાળુઓને ૪૯૫ વિઝા આપ્યા

નવીદિલ્હી,તા.૧૮

પાકિસ્તાન હાઈ કમિશને કહ્યું કે તેણે ભારતના શીખ તીર્થયાત્રીઓને ૪૯૫ વિઝા જારી કર્યા છે. ભારતમાંથી શીખ અને હિન્દુ યાત્રાળુઓ દર વર્ષે ધાર્મિક સ્થળોની મુલાકાત પર દ્વિપક્ષીય પ્રોટોકોલની જોગવાઈ હેઠળ પાકિસ્તાનની મુલાકાત લે છે. પાકિસ્તાની તીર્થયાત્રીઓ પણ પ્રોટોકોલ મુજબ દર વર્ષે ભારતની મુલાકાતે આવે છે. "મહારાજા રણજીત સિંહની પુણ્યતિથિ નિમિત્તે, પાકિસ્તાન હાઈ કમિશને ૨૧ થી ૩૦ જૂન દરમિયાન પાકિસ્તાનમાં વાર્ષિક જયંતિની ઉજવણીમાં ભાગ લેવા માટે ભારતના ૪૯૫ શીખ શ્રદ્ધાળુઓને વિઝા જારી કર્યા છે,"

# અમદાવાદના ઓઢવમાં ધોળા દિવસે બંદૂકની અણીએ આંગડીયા પેઢીમાં ૫૦ લાખની લૂંટ

અમદાવાદ,તા.૧૮

શહેરમાં દિવસેને દિવસે લૂંટ, હત્યા આપઘાત સહિતની ઘટનાઓમાં સતત વધી રહી છે. ત્યારે ફરી એકવાર પોલીસને ચેલેન્જ આપતી ઘટના ઓઢવ વિસ્તારમાંથી સામે આવી છે. ઓઢવમાં ધોળા દિવસે આંગડીયા પેઢીમાં ૫૦ લાખની લૂંટ થતા પોલીસ દોડતી થઈ ગઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલ પીએમ આંગડીયા પેઢીમાં બે બાઈક સવારોએ ધોળા દિવસે ઘૂસી ૫૦ લાખની લૂંટ ચલાવતા પુરા વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે. આ મામલે પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી ગઈ અને તપાસ શરૂ કરી દીધી છે.

પીએમ આંગડીયા પેઢીમાં કર્મચારી રોજની જેમ પોતાનું કામ કરી રહ્યા હતા તે સમયે અચાનક બે લોકો પેઢીમાં ઘુસી આવ્યા અને ફિલ્મી ઢબે બંદુક બતાવી બધા પૈસા બેગમાં ભરવા કર્મચારીઓને કહી દીધુ, ગભરાયેલા કર્મચારીઓએ લૂટારૂઓને ૫૦ લાખ રૂપિયા આપી દીધા, જે લઈ લૂટારૂ બાઈક પર સવાર થઈ ફરાર થઈ ગયા. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી ગઈ અને તપાસમાં લાગી ગઈ હતી.

ઓઢવ વિસ્તારમા છોટાલાલની ચાલી પાસે આવેલ પીએમ એન્ટરપ્રાઈઝ માં આજે બે ભાગીદાર અને બે કર્મચારી એમ ચાર લોકો હાજર હતા તે દરમિયાન પાંચ જેટલા લૂંટારૂઓ આવ્યા હતા જેમાં ચાર લૂંટારૂઓએ આંગડિયા પેઢીમાં પ્રવેશ કર્યો હતો.

જેમાંથી એક લૂંટારું પાસે રિવોલ્વર જેવું હથિયાર હતું જેણે આંગડિયા પેઢીના કર્મચારીઓને ધમકાવીને તેઓની પાસે રહેલ રૂપિયા આપી દેવા માટે કહ્યું હતું.

# સુરત : એમ્બ્રોડરી મશીન ચઢાવતા બે મજૂરો મશીન સાથે પટકાતા મોત

સુરત,તા.૧૮

સુરતમાં એક મોટી અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના કતારગામ વિસ્તારમાં ક્રેન મારફતે એમ્બ્રોડરી મશીન ) ચઢાવતા સમયે મશીન સાથે બે મજૂરોના નીચે પટકાતા કરૂણ મોત નિપજ્યા છે. ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના કતારગામ જીઆઈડીસીમાં જ્યારે ત્રીજા માળ પર એમ્બ્રોડરી મશીન ક્રેન મારફતે ચઢાવવામાં આવતું હતું, તે સમયે બની હતી. ઘટના બાદ તુરંત મજૂરોને હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ અકસ્માત એટલો જબરદસ્ત હતો કે, બંનેના સ્થળ પર મોત થઈ ગયા હતા. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.વિગતે ઘટનાની વાત કરીએ તો કતારગામ જીઆઈડીસીના ખાતા નંબર ૯૦૮ અને ૯૦૯ પાસે ત્રીજા માળે એમ્બ્રોડરી મશીન ચઢાવવા માટે ક્રેન મંગાવવામાં આવી હતી, ક્રેન દ્વારા મશીન ચઢાવવાની કામગીરી ચાલી રહી હતી. તે સમયે એક મજૂર મશીન પર બેઠો હતો અને બીજો ત્રીજે માળે દોરડુ પકડી ઉભો હતો, અને કોઈ કારણસર અચાનક ક્રેનમાંથી મશીન છૂટીને ધડાકાભેર નીચે પડ્યું અને તેની સાથે બે મજૂરો પણ નીચે પટકાયા, જેમાં ગંભીર રીતે ઘાયલ થતા બે મજૂરોના મોત નિપજયા હતા.પોલીસ સૂત્રો અનુસાર, અકસ્માતમાં મોતને ભેટનાર શિવ કરણ પ્રજાપતિ (ઉ.વ.૨૮) અને સંદીપ પ્રજાપતિ (ઉ.વ.૧૯)નો સમાવેશ થાય છે.